# યોશિયાહ રાજાની માફક આપણે દેવના વચનના અધિકારને માન આપીએ.

બાળકોને શિખવનારે સ્ટડી A3b વાંચી જવી.

પ્રાર્થના : પવિત્ર આત્મા દેવ, અમારા પૂરા હૃદયથી તમારા વચનને આધિન થવા માટે અમારા મનોને પ્રકાશિત કરો. બીજાઓને પણ અમે આ બાબત શીખવીએ જેથી તેઓ અમારા આનંદના ભાગીદાર બને તેવનું થવામાં આમારી સહાય કરો.

**૧. દેવનું વચન શીખવા તમારા હૃદયોને તૈયાર કરો.**
**૨ કાળ. ૩૪ વાંચો અને શોધો કે -**

- દેવને આધિન થવા માટે યોશિયાહે માનવ રચિત ધાર્મિક રસમો કેવી રીતે તોડી ?
  (જવાબ - કલમ ૩ -૭. યોશિયાહે લોકોની મૂર્તિઓને નામંજૂર કરી. આપણે પણ આપણા ટોળાને માનવરચિત નિયમો પ્રમાણે નહીં પણ દેવ ચાહે છે તે રીતે દોરવા જોઈએ.)
- દેવના વચનની શોધ કરવાનું કાર્ય કરવામાં યોશિયાહના માણસોએ કેટલી સખત મહેનત કરી ?
  (જવાબ - કલમ ૮ - ૧૫. દેવના વચનનું પુસ્તક ત્યજી દેવાયેલ મંદિરમાં ખોવાયેલું પડયું હતું)
- આજે પણ દેવનું વચન એવા લોકોથી છુપાયેલું છે જેમની ભાષામાં તેનું શુદ્ધ ભાષાંતર થઈ શક્યું નથી. આ કામ માટે ઘણા ભાષાંતરકારો ઘણો પરિશ્રમ કરી રહ્યા છે.



પ્રાચિન કાળમાં આવા વાળી શકાય તેવા ઓળિયામાં પુસ્તકો લખાતા હતા.

- યોશિયાહે જ્યારે વચનનો અભ્યાસ કર્યો ત્યારે તેણે દેવની શોધ કેવી રીતે કરી ?
- (જવાબ - કલમ ૨૧-૨૮ જૂઓ. પવિત્ર આત્મા આપણામાં વસે છે અને આપણને સત્યમાં દોરે છે (યો. ૧૬:૧૩). આપણે દેવનું વચન વાંચીએ ત્યારે તે આપણને પ્રકાશિત કરે તેવી પ્રાર્થના કરવી જોઈએ (એફે. ૧ :૧૫-૧૮).
- યોશિયાહ પાસે દેવના વચનનો અધિકર હતો તેણે શું કર્યું ?
  (જવાબ : કલમ ૩૦-૩૩ આપણે વિશ્વાસથી પ્રકટીકરણ પ્રાપ્ત કરીએ છીએ અને આધિન થઈએ છીએ.)

**માત. ૪ :૧-૧૧ માં** ઈસુએ શેતાનનો સામનો કઈ રીતે કર્યો ?

- કઈ ત્રણ રીતે શેતાને ઈસુનુ પરિક્ષણ કર્યું ?
- શેતાને ત્રણે પરિક્ષણોની લાલચનો પ્રભુએ કઈ વાત ટાંકીને જવાબ આપ્યો.
- પરિક્ષણ પૂરા થયા બાદ ઈસુની સેવા કોણે કરી ?

**પાશ્ચાદભૂમિકા**

- પવિત્ર આત્માએ ભક્તિશિલ માણસોને દેવનું વચન લખવા માટે પ્રેરણા આપી.
- હેબ્રી ભાષા જમણે થી ડાબી તરફ વંચાય છે.

בְּרֵאשִׁית בָּרָא אֱלֹהִים אֵת הַשָּׁמַיִם וְאֵת הָאָרֶץ׃ ←

- ગ્રીક ભાષા ડાબેથી જમણે વંચાય છે.

Ἐν ἀρχῇ ἦν ὁ λόγος, καὶ ὁ λόγος ἦν πρὸς τὸν θεόν, καὶ θεὸς ἦν ὁ λόγος.

- જો આપણે નીચેની બાબતો જાણતા હોઈએ તો બાઈબલના ભાગો સારી રીતે સમજી શકીએ.

૧. **કોણે તે લખ્યું** કોને અને શા માટે ?

૨. તે પ્રસંગ **ક્યાં** અને **ક્યારે** બન્યો.

૩. આ શાસ્ત્રભાગમાં **કોણ બોલે છે**

૪. **આપણે શું કરીએ તેવું તે ચાહે છે.**

બાઈબલના હિસ્સાઓને વધુ સારી રીતે સમજવા માટે પ્રાચીન ઈસ્ત્રાએલના રીતરીવાજો, તેનો ઈતિહાસ અને તેની ભૂગોળ પણ જાણવા જોઈએ. આ બાબતો પોતે તિમોથી શેફર્ડસ અને અન્ય સપ્લીમેન્ટરી સ્ટડીઝમાંથી મળી શકે (બાઈબલ સેકશનનું પી.ટી. યુઝર મેનું જૂઓ.)

**૨. અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિનું આયોજન કરો.**

- તમારા સાથીદારો સાથે દરેક કુટુંબો અઠવાડિયા દરમ્યાન દેવના વચનાનો ખંતપૂર્વક અભ્યાસ શરૂ કરે તે માટે મદદરૂપ બનો.
- તમારા વિસ્તારમાં તમે ભાષાંતર કે અન્ય શિક્ષણની બાબતમાં કઈ રીતે મદદરૂપ થઈ શકો તે નક્કી કરો.

**૩. હવે પછીની ભક્તિસભા વિષે સાથીદારો સાથે આયોજન કરો.**

- પ્રસંગ અને સ્થાનિક સામાજીક રૂઢિઓને અનુરૂપ પ્રવૃત્તિઓ પસંદ કરો.
- ભજનસેવા વખતે પવિત્ર આત્મા દેવના વચન માટે દોરવણી આપે તે માટે પ્રાર્થના કરો.
- દેવના વચનમાં જે સત્યનું પ્રકટીકરણ આપવામાં આવ્યું છે તેને માટે દેવની સ્તુતિ કરો. બાઈબલના વચનો દ્વારા અઠવાડિયા દરમ્યાન કેવા પ્રકારની પવિત્રતા અને આનંદના અનુભવો થયા તેની સાક્ષીઓ અને રીપોર્ટ આપવામાં આવે.

યોશિયાહ રાજાની વાર્તા **કહો અથવા ર્નિદશન** કરો.

- ૨ કાળ. ૩૪ માટે એક મદદગાર તૈયાર કરો.
- દેવના વચનોએ ઈસ્ત્રાએલના લોકોના હૃદયો કેવી રીતે બદલી નાખ્યા તે જાણવા માટે દરેક જણ દેવના વચનો ધ્યાનથી સાંભળે તેમ કહો. વિશ્વાસીઓને પૂછો તમે શું પામ્યા ?ઉપરના ભાગ -૧ વાળા પ્રશ્નો પૂછો.

આપણા મનોને પ્રકાશિત કરવા પવિત્ર આત્મા કઈ રીતે દેવના વચનોનો ઉપયોગ કરે છે તેનું **ર્નિદશન** કરો.

**શીખનાર** : ટેબલ પર મીણબત્તી સળગાવો પછી બીજી બાજુ જુઓ.

**'અશુદ્ધ આત્મા' :**

- મીણબત્તી હોલવી નાખો અને પિશાચી હાસ્ય કરો
- શીખનારની આંખે પાટો બાંધો, હાથ પકડીને ચલાવો કે ચાલ. (ચાલો)
- લોકો તરફ ફરો અને આ ગીત વાંચો કે મોઢે બોલો *(જો તમે અશુદ્ધ આત્માના ગીતનું કરો તો)*

''તમે મુર્ખો મારા શત્રુને આધિન થયા છો તમારી હિંમતના આવેગને હું બંધ પાડીશ
માણસોની વિધિઓ શીખવીને જૂઓ, તેના વચનથી તમને ફેરવી દઈશ
તમે સાંસારિકો તેની સાથે જમવાની હિંમત કરો છો તેનો પ્યાલો તમને નરકના અગ્નિથી શું બચાવશે?
ચેતી જાવ અને મારી સામા થવાનું છોડી દો નહિ તો નરકાગ્નિના ડંખનો તમને અનુભવ કરાવીશ''

**સુવાર્તિક** (જોરથી બોલે)

- ''શેતાન, બંધ થા ! નહિતો ઊંડા ખાડામાં પડીશ.''
- ૨ કો. ૨ :૨ વાંચો ('આ જગતનો દેવ આપણને બાંધે છે')
- મીણબત્તી સળગાવીને બાઈબલ ઉપર પકડી રાખો 'શેતાન'ની અને શિખનારની સામે રાખો.

**શેતાન :** ચીસ પાડે છે અને ઢીલો પડી જાય છે. હાથથી આંખો મીચે છે અને બૂમ પાડે છે. ''આ ભયાનક પ્રકાશ દૂર કરો'' અને જતો રહે છે.

**સુવાર્તિક :** શેતાન કે જે જગતનો દેવ છે તેણે તારી આંખો પર આ પાટો બાંધ્યો હતો. (તે શિખનારની આંખેથી પાટો છોડે છે)

**શિખનાર :** મને ખબર ન હતી કે મારી આંખે પાટો બાંધ્યો છે (બાઈબલ લો અને યો. ૧૬ :૩૪ વાંચો)

માત્થી ૪ :૪ બધા **મોઢે કરો**

બાળકોને ગીત - નાટક અને પછી પ્રશ્નો રજુ કરવાનું કહો. અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓની જાહેરાત કરો.

**પ્રભુની મેજ શરૂ કરતી વખતે** ૨ કાળ. ૩૦ : ૫-૬ અને ૨૫-૨૭ વાંચો. એ સમજાવો કે પ્રભુ ઈસુ જગતમાં આવ્યા અગાઉ દેવના લોકો હલવાન કાપીને અને ખાઈને મિસરની ગુલામીમાંથી પ્રભુએ તેમને છોડાવ્યા તેનું સ્મરણ કરતા હતા. હવે પ્રભુ ઈસુ દેવનું હલવાન છે જે જગતનું પાપ લઈ લે છે.

**બે કે ત્રણ જૂથ પાડો.** પ્રાર્થના કરો. આયોજન કરો.

એકબીજાને ઉત્તેજન આપો.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net